PMJAY-MA યોજનાના લાભ માટેના આવકના પ્રમાણપત્ર ત્રણ વર્ષ સુધી માન્ય રાખવા અને તલાટી કમ મંત્રીને અધિકૃત કરવા બાબત

ગુજરાત સરકાર
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
ઠરાવ ક્રમાંક:એફપીડબલ્યુ-૧૦૧૯-૧૪૧૪-બ.૧
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૫/૧૦/૨૦૨૧

**વંચાણે લીધા:**

(૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૧૩/૦૮/૨૦૧૪ના ઠરાવ ક્રમાંક: એફપીડબલ્યુ-૧૦૨૦૧૨-૪૭૧-બ-૧.

(૨) અધિક નિયામકશ્રી(ત.સે.), આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ(આ.વિ.)ના તા.૧૭/૦૯/૨૦૧૯ના પત્ર ક્રમાંક : "મા" યોજના/આવકના દાખલા બાબત/૧૯ ની દરખાસ્ત.

(૩) પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા:૧૬/૧૦/૨૦૧૯ ના પરિપત્ર ક્રમાંક : આઈટીપી/૧૦૨૦૧૯/૧૮૮૧૦૨/આઈટી.

(૪) પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા:૧/૧૦/૨૦૨૧ ના પરિપત્ર ક્રમાંક : આઈટીપી/૧૦૨૦૧૯/૧૮૮૧૦૨/આઈટી.

**પ્રસ્તાવના:**

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના વંચાણે લીધેલ ક્રમ-(૧) પરના તા.૧૩/૦૮/૨૦૧૪ના ઠરાવથી મુખ્યમંત્રી અમૃતમ, માં યોજના તેમજ આયુષ્યમાન ભારત યોજનાના લાભ મેળવવા માટે જરૂરી આવકનો દાખલો આપવા અધિકૃત કરેલ અધિકારીઓ ઉપરાંત વંચાણે લીધેલ ક્રમ-(૩) અને (૪) પરના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવો અન્વયે આ યોજના માટે જરૂરી આવકના પ્રમાણપત્ર ગ્રામ કક્ષાએ તલાટી કમ મંત્રી દ્વારા ઈ-ગ્રામ કેન્દ્રો મારફત આપવામાં આવતા પ્રમાણપત્ર જે નાણાકીય વર્ષમાં ઈસ્યુ થયેલ હોય તે નાણાકીય વર્ષ સહિત ત્રણ નાણાકીય વર્ષ સુધી ગ્રાહ્ય રાખવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

સરકારશ્રીની કાળજીપૂર્વકની વિચારણાના અંતે, વંચાણે લીધેલ ક્રમ-(૧) પરના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૧૩/૦૮/૨૦૧૪ ના ઠરાવથી મુખ્યમંત્રી અમૃતમ, માં યોજના તેમજ આયુષ્યમાન ભારત PMJAY-MA યોજનાનો લાભ મેળવવા માટે જરૂરી આવકનો દાખલો આપવા અધિકૃત કરેલ અધિકારીઓ ઉપરાંત વંચાણે લીધેલ ક્રમ-(૩) અને (૪) પરના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવો અન્વયે PMJAY-MA યોજનાના લાભો મેળવવા યોજના માટે જરૂરી લાભાર્થીની આવકના પ્રમાણપત્ર આપવા માટે ગ્રામ કક્ષાએ તલાટી કમ મંત્રીને અધિકૃત કરી, તેઓ દ્વારા ઈ-ગ્રામ કેન્દ્રો મારફત આપવામાં આવતા પ્રમાણપત્ર જે નાણાકીય વર્ષમાં ઈસ્યુ થયેલ હોય તે નાણાકીય વર્ષ સહિત ત્રણ નાણાકીય વર્ષ સુધી માન્ય રાખવાનું ઠરાવવામાં આવે છે.

આ ઠરાવ આ વિભાગની સમાન ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા.૦૧/૧૦/૨૦૨૧ ની અને માન. મંત્રીશ્રી(આરોગ્ય)ની તા.૦૫/૧૦/૨૦૨૧ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એ.એ.ભાદી)
ઉપ સચિવ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

**નકલ રવાના:**

- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી(આરોગ્ય)ના સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી(પંચાયત) ના સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી (આરોગ્ય)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (આ.પ.ક.વિ.)ના અંગત સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- સચિવશ્રી(જા.આ.), આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (પંચાયત)ના અંગત સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી(આરોગ્ય), તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરી, ૫, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી, (પ.ક./આરોગ્ય/ત.સે./ત.શિ.), કમિશનરશ્રી(આરોગ્ય)ની કચેરી, ૫, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(આરોગ્ય), આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સર્વે સંયુક્ત સચિવશ્રી/નાયબ સચિવશ્રી/ ઉપસચિવશ્રી
- નાણા વિભાગ, બજેટ શાખા, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે વિભાગીય નાયબ નિયામકશ્રીઓ, આરોગ્ય અને તબીબી સેવાઓ.
- જિલ્લા કલેક્ટરશ્રીઓ (તમામ)
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી (તમામ)
- મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી (તમામ)
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી (તમામ)
- એકાઉન્ટન્ટ જનરલશ્રી: રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ /ગાંધીનગર.
- સીસ્ટમ મેનેજરશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ સચિવાલય, ગાંધીનગર તરફ... વેબસાઇટ ઉપર અપલોડ કરવાની વિનંતી સાથે.
- સેક્શન અધિકારીશ્રી, મ-શાખા, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેક્ટ ફાઇલ-૨૦૨૧

(3)